| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૮/૦૧/૨૦૨૪  ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## ચાંદખેડા પો.સ્ટે.વિસ્તારમાંથી  TATA NEXON ગાડીમાં વિદેશી દારુની હેરાફેરી કરતા એક આરોપીને વિદેશી દારુની બોટલો તથા ટીન બીયર મળી કુલ્લે નંગ-૧૧૩૮ કિ.રૂ.૧,૪૮,૯૫૦/- મળી કુલ્લે રુપિયા ૧૧,૬૨,૬૨૦/-  મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.”

મે.પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી એમ.સી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ તા.૧૭.૦૧.૨૦૨૪ ના રોજ રાત્રે સ્ટાફના પો.સબ.ઈન્સ.શ્રી બી.આર.ક્રિશ્રીયન, મ.સ.ઈ.ચેતનકુમાર હિતેશભાઈ બ.ન.૧૩૫૩૮, અ.હે.કો. મહાવીરસિંહ બળવંતસિંહ બ.ન.૪૬૧૧, અ.હે.કો. વિજેન્દ્ર ભંવરલાલ બ.નં.૪૧૪૩, અ.હે.કો.ઈન્દ્રવિજયસિંહ દાદુભા બ.ન.૯૨૬૫, અ.હે.કો. પરાક્રમસિંહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪, અ.હે.કો.મનહરસિંહ નહારસિહં બ.નં.૩૭૬૧, અ.હે.કો.ધર્મેન્દ્રસિંહ હરીશચન્દ્રસિંહ બ.નં.૩૯૩૭, અ.પો.કો વિજયકુમાર અજમલભાઈ બ.ન.૮૦૦૩ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન મ.સ.ઈ.ચેતનકુમાર હિતેષભાઈ તથા અ.હે.કો. મહાવીરસિંહ બળવંતસિંહ નાઓને સંયુક્ત રીતે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે ચાંદખેડા સારથી બી.આર.ટી.એસ. બસ સ્ટોપ પાસે રોડ ઉપર થી ગ્રે કલરની TATA NEXON ગાડી નંબર GJ-08-CR-0875 માં વિદેશીદારુની બોટલો તેમજ ટીન બીયરો ભરી લઈ આવતા આરોપી નામે કાર્તિક ઉર્ફે લડુ S/O મુકેશભાઇ જાદવ ઉ.વ. ૩૧ રહે. ૩૯, સાબરબાગ સોસાયટી, ધર્મનગર, સાબરમતી અમદાવાદ શહેર નાને વિદેશીદારુની બોટલો તેમજ ટીન બીયરો મળી કુલ્લે નંગ ૧૧૩૮ કિ.રૂ.૧,૪૮,૯૫૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૧૧,૬૨,૬૨૦/- ના મુદામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી ચાંદખેડા પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૦૮૨૪૦૦૩૭/૨૦૨૩ પ્રોહિ એક્ટ કલમ ૬૫(એ)(ઈ),૮૧, ૯૮(૨),૧૧૬(બી) મુજબનો ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપી: કાર્તિક ઉર્ફે લડુ S/O મુકેશભાઇ જાદવ ઉ.વ. ૩૧ રહે. ૩૯, સાબરબાગ સોસાયટી, ધર્મનગર સાબરમતી અમદાવાદ શહેર

## નહી પકડયેલ આરોપીઓ :

(૧) નીલેશ પ્રવિણભાઇ ઠાકોર રહે.લક્ષ્મણજીની ચાલી ધર્મનગર સાબરમતી અમદાવાદ શહેર (૨) ભુટો રહે. સાબરમતી (૩) મેકાભાઇ ઠાકોર રહે. અસારવા અમદાવાદ શહેર (૪) મંગલસિંહ દરબાર રહે.થરાદ

## ગુનાની જગ્યા :

ચાંદખેડા સારથી બી.આર.ટી.એસ. બસ સ્ટોપ પાસે રોડ ઉપર થી જાહેરમાં

## પકડાયેલ મુદામાલ :

(૧) વિદેશીદારુ ભરેલ બોટલો તથા ટીન બીયર મળી કુલ્લે નંગ ૧૧૩૮ કિ.રુ.૧,૪૮,૯૫૦/ (૨) રોકડા રુપિયા ૩૬૭૦/- (૩) મોબાઈલ ફોન નંગ ૧ કિ.રુ.૧૦,૦૦૦/- (૪) TATA NEXON ગાડી નંબર GJ-08-CR-0875 કિ.રુ.૧૦,૦૦૦,૦૦/- મળી કુલ્લે રુપિયા ૧૧,૬૨,૬૨૦/- મુદામાલ

## નરોડા પો.સ્ટે.વિસ્તારમાંથી સીએનજી ઓટો રિક્ષામાં ભરેલ વિદેશી દારુની બોટલો તથા ટીન બીયર મળી કુલ્લે નંગ-૮૩ કિ.રૂ.૨૨,૦૨૦/- મળી કુલ્લે રુપિયા ૧,૩૨,૦૨૦/- મુદામાલ સાથે એક આરોપીને ઝડપી પાડતી પી.સી.બી."

મે.પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી એમ.સી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ આજરોજ રાત્રે સ્ટાફના પો.સબ.ઈન્સ.શ્રી બી.આર.ક્રિશ્ચીયન, મ.સ.ઈ.ચેતનકુમાર હિતેશભાઈ બ.ન.૧૩૫૩૮, અ.હે.કો. મહાવીરસિંહ બળવંતસિંહ બ.ન.૪૬૧૧, અ.હે.કો. વિજેન્દ્ર ભંવરલાલ બ.નં.૪૧૪૩, અ.હે.કો.ઈન્દ્રવિજયસિંહ દાદુભા બ.ન.૯૨૬૫, અ.હે.કો. પરાક્રમસિંહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪, અ.હે.કો.મનહરસિંહ નહારસિંહ બ.નં.૩૭૬૧, અ.હે.કો.ધર્મેન્દ્રસિંહ હરીશચન્દ્રસિંહ બ.નં.૩૯૩૭, અ.પો.કો વિજયકુમાર અજમલભાઈ બ.ન.૮૦૦૩ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન અ.હે.કો. ઈન્દ્રવિજયસિંહ દાદુભા તથા અ.પો.કો.વિજયકુમાર અજમલભાઈ નાઓને સંયુક્તરીતે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે નરોડા એસ.પી.રિંગ રોડ ટોલટેક્ષ આગળ થી સીએનજી ઓટો રિક્ષા નંબર GJ-01-TH-4419 ની ડેકી તેમજ ડ્રાયવર સીટની નીચે ભરેલ વિદેશીદારુની બોટલો તેમજ ટીન બીયરો મળી કુલ્લે નંગ ૮૩ કિ.રૂ.૨૨,૦૨૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૧,૩૨,૦૨૦/- ના મુદામાલ સાથે આરોપી સંજય ઉર્ફે છગ્ગુ સ/ઓ ભીમજીભાઇ ચૌહાણ ઉ.વ.૪૪ રહે.૧૬૭ પાયા વિહોણી વસાહત નવા ધોડાસર કેડીલા બ્રિજ નીચે વટવા અમદાવાદ શહેર નાને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી નરોડા પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૩૫૨૪૦૦૮૦/૨૦૨૩ પ્રોહિ એક્ટ કલમ ૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨),૧૧૬(બી) મુજબનો ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

### પકડાયેલ આરોપી:

સંજય ઉર્ફે છગ્ગુ સ/ઓ ભીમજીભાઇ ચૌહાણ ઉ.વ.૪૪ રહે.૧૬૭ પાયા વિહોણી વસાહત નવા ધોડાસર કેડીલા બ્રિજ નીચે વટવા અમદાવાદ શહેર

### નહી પકડયેલ આરોપીઓ :

(૧) મહેંદ્ર મેધવાલ રહે.સાંચોર રાજસ્થાન

### ગુનાની જગ્યા :

નરોડા એસ.પી.રિંગ રોડ ટોલટેક્ષ આગળ થી જાહેરમાં

### પકડાયેલ મુદામાલ :

(૧) વિદેશીદારુ ભરેલ બોટલો તથા ટીન બીયર મળી કુલ્લે નંગ ૮૩ કિ.રૂ.૨૨,૦૨૦/ (૨) મોબાઈલ ફોન નંગ ૧ કિ.રૂ.૧૦,૦૦૦/- (૪) સીએનજી ઓટો રિક્ષા નંબર GJ-01-TH-4419 કિ.રૂ.૧,૦૦૦,૦૦/ મળી કુલ્લે રુપિયા ૧,૩૨,૦૨૦/- નો મુદામાલ

**નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૩/૨૦૨૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૨૩૭ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૪૨ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૪/૨૦૨૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૮૫/૨૦૨૪**

**રખિયાલઃ** મોહમદસાજીદ અબ્દુલમજીદ અંસારી (ઉ.વ.૬૩) (રહે. મુલ્લા ઇબ્રાહીમની ચાલી નુર મહેલ હોટલની બાજુમાં રખિયાલ) એ તા.૧૭/૦૧/૨૦૨૪ ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૧/૨૦૨૪ રાતના ૯/૦૦ થી તા.૦૮/૦૧/૨૦૨૪ સવારના ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રખિયાલ અર્ચના એસ્ટેટમાં શેડ નંબર બી/૮ “બચ્ચન ટી સ્ટોલ” નામની પોતાની દુકાનની બારી વાટે અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૪૬,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી બી.એમ.પરમાર ચલાવે છે.

**શાળામાંથી ચોરીઃ-** **સમાચાર યાદી નં.૮૬/૨૦૨૪**

**દાણીલીમડાઃ** બુજીભાઇ ઇસબભાઇ સંઘરિયાત (રહે. મસીરા સોસાયટી સોનલ રોડ વેજલપુર) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૧/૨૦૨૪ કલાક ૧૨/૪૫ થી તા.૧૭/૦૧/૨૦૨૪ કલાક ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન દાણીલીમડા ગુજરાતી શાળા નંબર-૧ ખાતે સ્કુલમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સબમર્સીબલ પાણીની મોટર કિમત રૂપિયા ૨૫,૦૦૦/- અને લોખંડની એંગલ નંગ-૪ કિમત રૂપિયા ૪૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.વાઘેલા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૮૭/૨૦૨૪**

**અમરાઇવાડીઃ** દીનેશસિંહ શંકરસિહ ભદોરીયા (ઉ.વ.૫૯) (રહે. ગણેશનગર સોસાયટી અજય ટેનામેન્ટ રોડ અમરાઇવાડી) એ તા.૧૭/૦૧/૨૦૨૪ ના રોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૧/૨૦૨૪ રાતના ૧૦/૩૦ થી તા.૧૬/૦૧/૨૦૨૪ સવારના ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરની તીજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૩,૭૨,૪૦૦/-, ચાંદીના દાગીના કિમત રૂપિયા ૩૯,૧૦૦/- તથા રોકડ રૂપિયા ૧૯,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૩૦,૫૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.ખુમાણ ચલાવે છે.

**બેગ આંચકી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૮૮/૨૦૨૪**

**સેટેલાઈટઃ** રાખી ડો/ઓ માનસીંગ રાજોરા (ઉ.વ.૩૬) (રહે. વેસ્ટેન્ડ પાર્ક ગુરુદ્વારા પાસે થલતેજ) તા.૧૫/૦૧/૨૦૨૪ રાતના ૯/૧૦ વાગ્યાના સુમારે સેટેલાઈટ કર્ણાવતી કલબથી પકવાન તરફ જતા ઇસ્કોન બ્રિજ ઉપર મધ્ય ભાગથી એક્સેસ સ્કુટર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા જેવા સ્કુટર ઉપર આવેલ બે પુરૂષ રાખી રાજોરાના સ્કુટરના આગળના ભાગે મુકેલ બેગ આંચકી લઈ નાસી ગયા હતા. જે બેગમાં લેપટોપ કિમત રૂપિયા ૭૦,૦૦૦/- મોબાઈલ ફોન કિમત રૂપિયા ૪૦,૦૦૦/-, એરપોર્ડ કિમત રૂપિયા ૪,૦૦૦/-, રોકડ રૂપિયા ૫,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજ મળી કુલ રૂપિયા ૧,૧૯,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ રાખી રાજોરાએ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

**પતંગ પકડવા જતા ધાબા ઉપરથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૯/૨૦૨૪**

**વેજલપુરઃ** ફતેવાડી કેનાલ પાછળ મીટરવાળી ગલીમા તૈબા રેસીડેન્સી ખાતે રહેતા સાબીરભાઇ લિયાકતભાઇ શેખ નાઓનો આઠ વર્ષનો પુત્ર સાહીદ તા.૧૫/૦૧/૨૦૨૪ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક મકાનના ત્રીજા માળે ધાબા ઉપર કપાઈને આવતી પતંગ પકડવા જતા ધાબા ઉપરથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૭/૦૧/૨૦૨૪ કલાક ૦૦/૧૦ વાગે તેનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એન.વ્યાસ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૯૦/૨૦૨૪**

**નરોડાઃ** મકનસિંહ કેશરીસિંહ રાઠોડ (ઉ.વ.૫૬) (રહે. સોમનાથનગર નાના ચિલોડા નરોડા) તા.૧૭/૦૧/૨૦૨૪ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે નરોડા જી.આઈ.ડી.સી.ફેઝ-૪ પ્લોટ નંબર-૧૪૦૫ મિનલ ઈન્ટરમિડીયેટ નામની કંપની ખાતે શેડના પતરા ખોલવાનુ કામ કરતા હતા ત્યારે પતરૂ ખસી જતા કંપનીના છતના શેડ ઉપરથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને ઋષિકેશ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કિરીટકુમાર વિઠ્ઠલદાસ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૧/૨૦૨૪**

**સરખેજઃ** યોગેશભાઈ સ/ઓ કાંતીભાઈ સોલંકી (ઉ.વ.૨૬) (રહે. આઝાદનગર હરીવીલા સોસાયટી શિવમ ટેનામેન્ટ નજીક નવી ફતેવાડી સરખેજ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૧/૨૦૨૪ સવારના ૧૦/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.કે.ધાધરેટીયા ચલાવે છે.

**વાસણાઃ** શીરીષકુમાર કિરીટકુમાર જોષી (ઉ.વ.૪૬) (રહે. સ્વામિનારાયણ પાર્ક-૨ ન્યુ વાસણા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૧/૨૦૨૪ કલાક ૧૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ગુલાબસિંહ સવજીભાઈ ચલાવે છે.

**દાણીલીમડાઃ** હૂસેનભાઇ ઈમામભાઇ શેખ (ઉ.વ.૬૪) (રહે. સબદર પાર્ક લક્કી હોટલ પાછળ બેરલ માર્કેટ અંદર દાણીલીમડા) એ બીમારીથી કંટાળી તા.૧૭/૦૧/૨૦૨૪ બપોરના 3/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.ઠાકોર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી